ગુજરાતી નવલકથાઓમાં પુરાકલ્પન

[પસંદ કરેલી કેટલીક કૃતિઓના સંદર્ભે]

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની

વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ. ડી.ની

પદવી માટે રજૂ થનાર મહાશોધનિબંધની રૂપરેખા

[Synopsis]

: પ્રસ્તુતકર્તા :

મનીષા દેસાઈ

[રજિસ્ટ્રેશન નં.   , તા.   –   –૨૦૧]

: માર્ગદર્શક :

પ્રા. ડૉ. જશુ પટેલ

[એમ. એ., એમ.ફિલ., પીએચ. ડી.]

ઍસોસિએટ પ્રોફેસર

ડિપાર્ટમેન્ટ ઑફ ગુજરાતી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

માર્ચ – ૨૦૧૫

પ્રાસ્તાવિક :

જ્ઞાન પ્રાપ્તિની કોઈ સીમા નથી. માનવી મૃત્યુપર્યંત જ્ઞાન પ્રાપ્ત કરે તો પણ જ્ઞાનનો ભંડાર એવો છે કે જે કદી ખૂટતો નથી. શિક્ષકની નોકરી પ્રાપ્ત થઈ એટલે જ્ઞાન લેવા અને આપવાની પ્રક્રિયા શરૂ થઈ. આમ પણ શિક્ષક તો આજીવન વિદ્યાર્થી જ હોય છે. પ્રાથમિક શાળામાં અધ્યાપનકાર્ય કરાવતાં કરાવતાં પોતે પણ કંઈક જ્ઞાન મેળવવું એવી અભિલાષા જાગી. સ્નાતક–અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના સાહિત્યમાં વિશેષ રુચિ જાગી, એના પરિણામ સ્વરૂપ મને પણ ગુજરાતી વિષયમાં પીએચ. ડી. નિમિત્તે સંશોધનકાર્ય કરવાની અભિપ્સા જાગી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ. ડી.ના સંશોધનકાર્ય માટેની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સૌથી મોટો પ્રશ્ન માર્ગદર્શક તરીકે કયા અધ્યાપકને પસંદ કરવા એ હતો. જો કે, એ પ્રશ્ન પણ ડૉ. જશુભાઈ પટેલ માર્ગદર્શક તરીકે મળતાં હલ થઈ ગયો. બીજો વિકટ પ્રશ્ન પીએચ. ડી.ના વિષય અંગેનો હતો. અધ્યયનકાળ દરમિયાન ગુજરાતી સાહિત્યના મોટાભાગનાં સ્વરૂપોનો મને પરિચય થયો. મનમાં એવું વિચારેલું કે જે જે સ્વરૂપોનો મને ખ્યાલ છે એ સ્વરૂપ ઉપર સંશોધન ન કરવું. આ દરમિયાન માર્ગદર્શક સાથે વિષય અંગે ચર્ચા કરતાં 'પુરાકલ્પન' જેવા સાહિત્યના નવા પ્રકાર ઉપર સંશોધન કરવાનું નક્કી કર્યું.

આ વિષય મારા માટે પડકારરૂપ હતો, સાથે સાથે પુરાકલ્પનને ધ્યાનમાં લઈને લખાયેલી ગુજરાતી નવલકથાઓ અંગે ભાવન કરવાનું હોઈ, ગુજરાતી સર્જકોના હાથે સર્જન પામેલી અને પુરાકલ્પનને ધ્યાનમાં લઈને લખાયેલી નવલકથાઓમાંથી છ નવલકથાઓ પસંદ કરવાનું વિચાર્યું. આ છ નવલકથાઓની અનુક્રમે અનુગાંધીયુગ, આધુનિકયુગ અને અનુઆધુનિકયુગ પ્રમાણે પસંદગી કરી.

મારા આ મહા શોધનિબંધનો વિષય છે – **ગુજરાતી નવલકથાઓમાં પુરાકલ્પન [પસંદ કરેલી કેટલીક કૃતિઓના સંદર્ભે].** મેં આ શોધનિબંધને કુલ–૬ પ્રકરણોમાં વિભાજિત કરવાનું વિચાર્યું છે. જે સંશોધનકર્મની પ્રકરણ વ્યવસ્થા નીચે પ્રમાણે છે :

પ્રકરણ–૧ : પુરાકલ્પન : સંજ્ઞા અને સ્વરૂપ

પ્રકરણ–૨ : પુરાકલ્પન : વ્યુત્પત્તિ, સંજ્ઞા અને સમજ

પ્રકરણ–૩ : ગુજરાતી સાહિત્યમાં પુરાકલ્પન

પ્રકરણ–૪ : અનુગાંધીયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૪.૧ 'માધવ ક્યાંય નથી' – હરીન્દ્ર દવે (૧૯૭૦)

૪.૨ 'અહલ્યા' – ઈલા આરબ મહેતા (૧૯૭૨)

પ્રકરણ–૫ : આધુનિકયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૫.૧ 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' – જોસેફ મેકવાન (૧૯૮૧)

૫.૨ 'કુરુક્ષેત્ર' – મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૯૫)

પ્રકરણ–૬ : અનુઆધુનિકયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૬.૧ 'મહારથી કર્ણ' – કલ્પેશ પટેલ (૨૦૦૪)

૬.૨ 'કર્ણલોક' – ધ્રુવ ભટ્ટ (૨૦૦૫)

– **ઉપસંહાર**

– **સંદર્ભ ગ્રંથ સૂચિ :**

ઉપરોક્ત બધાં પ્રકરણોની સંક્ષિપ્ત માહિતી નીચે દર્શાવવામાં આવી છે.

<u>પ્રકરણ–૧</u>

પુરાકલ્પન : સંજ્ઞા અને સ્વરૂપ

સર્જકનું સર્જન એટલે તેના ચિંતન–મનનનો સમન્વય. ચિંતન અને મનન દ્વારા વાચકની આંતરચેતના અને મનોભાવને અસર પહોંચાડવા માટે સર્જક સફળ બની રહે છે. સમય એ 'યુગ'નો સમાંતર અર્થ ધરાવતો શબ્દ છે. આ બધા સમય વચ્ચેની ઘટનાઓ અને ઘટનાને વધારે થતા પરિવર્તનોથી સમય બદલાય છે. જેમ માનવી આ પરિવર્તનને સ્વીકારે છે તેમ સર્જક પણ સમયાનુસાર સર્જનમાં પરિવર્તન લાવતો રહે છે.

આજના સમયમાં પ્રાચીનના પાત્રો જેવી નિષ્ઠા, બલિદાન, દૈવત્વ વગેરે શોધવા જઈએ તો ન જ મળે અને એટલે જ આધુનિક સર્જકોને ચિંતન માટે હથિયાર તરીકે કામવાસના, મોહમાયા, પ્રેમ બેવફાઈ જેવાં તત્ત્વો મળે છે. પ્રાચીનમાં થઈ ગયેલા પાત્રોની છાંટ જોવા મળતી નથી. આજે આપણા આધુનિક સર્જકોએ આપણી પરંપરા અને પ્રાચીનમાં પડેલા દેવત્વને લઈને, પોતાની કલ્પના ઉમેરીને, વાસ્તવિક્તાની ભૂમિમાં ઉતાર્યા બાદ સર્જકત્વની દિશામાં પગરણ માંડવાની શરૂઆત કરી. આપણે આવા સર્જકત્વની દિશામાંથી જ 'પૃથિવીવલ્લભ', 'ગુજરાતનો નાથ', 'સરસ્વતીચંદ્ર' જેવી કૃતિ મેળવી શક્યા. આ બધી જ કૃતિઓમાં પુરાકલ્પનનો વિનિયોગ જોવા મળે છે.

પુરાકલ્પન સંજ્ઞાને પૂરેપૂરી વ્યાખ્યાયિત કરવી કે તેનું અર્થઘટન કરવું ઘણું જ મુશ્કેલ છે. આમ છતાં, તેની સમજ મેળવવા માટે સાદી ભાષામાં એનો અર્થ કરીએ તો 'પુરા' એટલે કે જે થઈ ગયું છે તે અને તે માટે પ્રાચીન શબ્દ પણ પ્રયોજી શકાય.

'કલ્પન' શબ્દ માટે આ બધી પ્રાચીન ઘટના કે જે થઈ ગઈ છે તે ઘટનામાં સર્જક પોતે પોતાની કલ્પના ઉમેરીને જે સર્જન કરે છે તેને કલ્પન કહી શકાય.

'Myth' શબ્દની સંજ્ઞા અને પરિભાષા :

'Myth' એ અંગ્રેજી શબ્દ છે. ગુજરાતી માટે તેનો અર્થ 'પુરાકલ્પન' સ્વીકૃતિ પામ્યો છે. 'Myth' શબ્દનો મૂળ સ્રોત – તેનું મૂળ ગ્રીક શબ્દ 'મુથોસ' (Mythos)માં છે. વળી, ગ્રીક ભાષામાં આ શબ્દનો અર્થ કથા, વાર્તા, Speech એવો થાય છે. 'મિથ' વાસ્તવમાં એવો અર્થ પ્રદર્શિત કરે છે કે, 'અસ્તિત્વ ધરાવતું નથી'. એટલે કે વાસ્તવનો વિરોધ જ્યારે પ્રદર્શિત થાય તેને માટે 'Myth' વાપરવામાં આવે છે.

ઓક્સફર્ડ ડિક્ષનરી : 'અમાનુષ કે અધિમાનવની સંડોવણીવાળી કાલ્પનિક કથા', 'પ્રાકૃતિક ઘટનાનો આદર્શ લઈને રચાતી મૂર્ત કથા'.

'Myth' વિશે બહેચરભાઈ પટેલ લખે છે કે, "કલ્પન અને પ્રતીક ઊભયનાં લક્ષણો ધરાવતું અને બન્નેનો સમન્વય કરતું છતાં પુરાતત્ત્વોની સૃષ્ટિ સાથે સંકળાયેલું ઘટકતત્ત્વ એ પુરાકલ્પન છે."

'Myth'નો પ્રચલિત પર્યાય 'પુરાકલ્પન' છે. પરંતુ હરિવલ્લભ ભાયાણી 'દેવકથા' પર્યાય આપે છે.

આમ, પ્રાચીન પુરાવૃત્તોના ભંડારનો ઉપયોગ કરીને, તેમાં અર્વાચીન અને આધુનિક જગતના, જ્ઞાનવિજ્ઞાનના અર્થો દ્વારા આધુનિક સર્જક નવી નવી સંરચનાઓ કરે છે, તેને પુરાકલ્પન કહેવામાં આવે છે.

પુરાકલ્પનનું સ્વરૂપ :

પુરાકલ્પનનો ઉદ્‌ભવ ક્યારે અને કઈ રીતે થયો એ બાબતે હજુ પણ ચોક્કસ ખ્યાલ બાંધી શકાયો નથી. તેના ઉદ્‌ભવ વિશેનું ચિંતન હજુ આજે પણ સંશોધનકારોને અપ્રાપ્ય છે. પ્રવીણ દરજીના કહેવા મુજબ માનવસભ્યતાના સંક્રાંતિકાળનું સબળ તત્ત્વ પ્રકૃતિ છે. એના આધારે રૂપક કે રૂપકકથા જન્મે છે. આ સમયે દેવ–દેવીઓ કે કોઈ અલૌકિક સત્તાના પ્રભાવ નીચે જીવતા માનવ સમુદાયને આ કથાવાર્તા મોટી ભેટ સમાન બની રહે છે. માનવ સભ્યતાના આ વળાંકે પુરાકલ્પનનો જન્મ થયો છે.

પુરાકલ્પનોને એચ. જે. રોજર ત્રણ વિભાગમાં વહેંચી આપે છે – (૧) સૃષ્ટિની રચનાવિષયક, (૨) પ્રલયવિષયક અને (૩) દેવતાઓના પ્રેમવિષયક. વિષયની દૃષ્ટિએ વિભક્ત કરીએ તો મુખ્યત્વે બે જ ભેદ પડી શકે – (૧) પ્રાકૃતિક અને (૨) ધાર્મિક.

બહેચરભાઈ પટેલ લખે છે કે, "કવિતાઓમાં પણ પુરાકલ્પન જોવા મળે છે. ઉદા. 'સાવિત્રી', 'જાતકકથા'. પુરાકલ્પનને માનવ ઇતિહાસ, પ્રાગૈતિહાસિક પૌરાણિક્તા અને સાંસ્કૃતિક વિકાસ સાથે ગાઢ સંબંધ છે." તેમના કહેવા મુજબ પુરાકલ્પન આદિકાળમાં આદિમાનવે સર્જેલું કલ્પન છે, જે સમય જતાં પ્રતીક બને છે.

પુરાકલ્પનની વ્યાખ્યા :

પુરાકલ્પન સંજ્ઞા વિશે સ્વરૂપ, વિચાર અને તેને લગતા નિષ્કર્ષ મેળવ્યા બાદ પુરાકલ્પન વિશેની સ્પષ્ટ વ્યાખ્યા કોઈ સાંકડા પરિઘમાં વર્ણવી ન શકાય. પુરાકલ્પનને પ્રતીકોના સમૂહથી દર્શાવી શકાય છે. સાહિત્ય સંદર્ભની દૃષ્ટિએ ઈમેજ કે મેટાફર કે પછી 'મીથ' જેવી સંજ્ઞાઓ એને અનુરૂપ છે એવું સાબિત કરી શકાયું છે.

પ્રવીણ દરજી દ્વારા પુરાકલ્પનને પ્રમાણિત કરવા કેટલાક નીચે મુજબના લેખકોની વ્યાખ્યા ઉલ્લેખિત છે.

"પુરાકલ્પન માનવીય જ્ઞાનકોશનો પ્રતીકાત્મક લેખ છે." – બ્લેક મેર.

"પુરાકલ્પન અસીમતાનો અનુભવ કરાવતી સ્વાયત્ત ભાવના અને સત્યનું વિલક્ષણ રૂપ છે." – નિત્સે.

"પુરાકલ્પન વાસ્તવમાં એના રચયિતાનો ઇતિહાસ છે, એના વિષયનો નહિ." – ઈ. વી. ટેઈલર.

પુરાકલ્પન વિશે ચર્ચા વિચારણા કરતાં અંગ્રેજીમાં મળેલા 'Myth' શબ્દને ઊંડાણમાં તપાસીએ તો ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓ, ઘટનાતત્ત્વો, દેવ–દેવી કે સંસ્કૃતિ પ્રત્યેની ગહનતા સમજવાનો અવસર મળે છે.

પુરાકલ્પન વિશેના મંતવ્યો :

પુરાકલ્પન બાબતે સાહિત્યકારો કે લેખક દ્વારા વ્યાખ્યા અને અભિપ્રાય મળ્યા તે જ રીતે શોધાર્થીઓ દ્વારા અનેક મંતવ્યોનું અસ્તિત્વ મળ્યું.

- મિસે બોડકીને પુરાકલ્પનો કળા માટેની સામગ્રી પ્રાપ્ત કરવાની કે કળા માટેની જૂની સામગ્રીને સમૃદ્ધ કરવાના તત્ત્વરૂપે વિચાર કર્યો છે.
- મહાન પ્રવર્તક કાર્લ માર્ક્સે પુરાકલ્પનને પરિશ્રમનું એક રૂપ લેખાવ્યું છે.
- મિરકે એલિયાડે પુરાકલ્પનને ધાર્મિક ક્રિયાકાંડ, અધ્યાત્મ, પવિત્રતા સાથે જોડ્યા છે.
- ચેઈઝ પુરાકલ્પનને 'Myth is only art' ગણાવે છે.

આમ, પુરાકલ્પનનો આધાર લઈ કળા અને સાહિત્યનો સંબંધ નિશ્ચિત થયો. પુરાકલ્પન માનવ સંસ્કૃતિના ભાગ તરીકે ઓળખાયું.

પુરાકલ્પન વિશે વિવિધ અભિપ્રાયો :

સ્વરૂપ, સંજ્ઞા, અર્થ, વ્યાખ્યા, મત મેળવ્યા પછી પણ પુરાકલ્પન શું છે ? તેનું ઉદ્‌ભવ સ્થાન વગેરે વિશે અભિપ્રાય પ્રાપ્ત થયા.

પુરાકલ્પનને આદિ સાથે પૂરેપૂરો સંબંધ છે એ પ્રમાણિત થયું. રચનાકારને ઉપયોગી નીવડે તે માટે કેટલીક લાક્ષણિક્તાઓનો અભ્યાસ કરવામાં આવ્યો. તેની સંકલ્પનાનો આધાર લઈ મુખ્યત્વે ધર્મ, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભાષા, દેવકથા, નૃવંશશાસ્ત્ર વગેરે વિદ્યાઓના સંદર્ભમાં ડોકિયું કરવાનો પ્રયત્ન થયો.

Myth (પુરાકલ્પન)નાં લક્ષણો :

- પ્રાચીનતા : પ્રાચીનકથાઓ ન હોય તો પુરાકલ્પનનું અસ્તિત્વ જ ન હોય એ સર્વસ્વીકૃત બન્યું.
- વાસ્તવિક્તાની ઊણપ (ખોટ) : પુરાકલ્પન સત્ય કે વાસ્તવિક નથી. તેના અસ્તિત્વ વિશે સવાલો ઊભા થયા. આથી વાસ્તવિક્તાથી દૂર એવા પુરાકલ્પન સમાજવાદીને સ્વીકૃત નથી.
- કલ્પનાનો સાક્ષાત્કાર (ચમત્કાર) : જે તે સમયના સર્જકની કલ્પનાનો દોર છે તેથી ચમત્કારથી વધુ કંઈ કહી ન શકાય.
- નાવીન્યસભર દર્શન : જે તે સમયના સર્જક પોતાની કલ્પનાનાં તત્ત્વો ઉમેરી નાવીન્યસભર જીવનદર્શન ઉપસાવવાનો પ્રયત્ન કરે છે. તેના ઉપયોગ દ્વારા ભાવજગતને ઢંઢોળતી કૃતિનું અનુપમ રચનાકાર્ય કરે છે.

નિષ્કર્ષતઃ પુરાકલ્પનની સંજ્ઞા અને અર્થ વિશે વિસ્તૃત ચર્ચા કરી. વિભાવના અને સ્વરૂપ તથા વ્યાખ્યા મેળવી. ગુજરાતી સાહિત્ય તથા પશ્ચિમના લેખકો અને તત્ત્વચિંતકોના મંતવ્યોની ચર્ચા કરી છે.

પુરાકલ્પનના વિવિધ ક્ષેત્રો સાથેના તદ્દન નજીક અને ગાઢ કહી શકાય એવા સંબંધ ચકાસવા ધર્મ, સમાજ, માનસવિજ્ઞાન, લોકકથા, ઇતિહાસ, ભાષા, દર્શનતત્ત્વની તાત્ત્વિક ચકાસણી કરી. પુરાકલ્પનને સ્પષ્ટ અર્થ આપી શકાય એવા તમામ અભિપ્રાયોની રજૂઆત કરી છે.

<u>પ્રકરણ–૨</u>

પુરાકલ્પન : વ્યુત્પત્તિ,સંજ્ઞા અને સમજ

પ્રકરણ–૧માં પુરાકલ્પનની સંજ્ઞા અને અર્થ વિશે વિસ્તૃત ચર્ચા કરી. વિભાવના, સ્વરૂપ, વ્યાખ્યા, મંતવ્યો વગેરેની રજૂઆત કરી. પુરાકલ્પનના સંબંધો ચકાસ્યા.

પુરાકલ્પનની સંગતતા હોય એવી સંજ્ઞા તરીકે ‘મેટાફર’, ‘પ્રતીક’ અને ‘કલ્પન’ની ગણતરી કરવામાં આવે છે. પુરાકલ્પનની પ્રકૃતિ આ સંજ્ઞાઓ માટે ‘બીજમાં વૃક્ષ તું, વૃક્ષમાં બીજ તું’ની જેમ સામ્ય ધરાવે છે. પુરાકલ્પન એ માણસની ચેતનાનો પ્રતીકાત્મક કલાવ્યાપાર છે. પુરાકલ્પન આધ્યાત્મિક વિચારોનું આદિમ બળ છે. પુરાકલ્પન એ માનસશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રનો જ વિષય છે. આ વાતને ફ્રોઈડ તથા તેના અનુગામી દ્વારા સમર્થન મળેલું છે. પ્રાચીનકાળમાં સૂર્યપૂજા, ચંદ્રપૂજા, સાગરપૂજા કે સરિતાપૂજા કરનારો વર્ગ હતો. એ જ વર્ગ આજે પણ છે. આમ, આજનો મનુષ્ય પુરાતન સાથે સંકળાયેલો છે એ વાતને પુષ્ટિ મળે છે.

પુરાકલ્પન અને સાહિત્યસ્વરૂપ :

પુરાકલ્પનને આદિમકથા, પુરાણકથાની જેમ સાહિત્ય સાથે પણ અતૂટ નાતો છે. પુરાકલ્પન અને સાહિત્ય બન્નેમાં 'સર્જન' પ્રક્રિયા સામાન્ય છે. પુરાકલ્પનની જેમ સાહિત્યમાં પણ મનોભાવનાને જ મહત્ત્વ મળતું હોય છે. બન્ને એકબીજાના પૂરક છે, છતાં બન્નેનું પોતાનું સ્વકીયપણું છે, બન્ને પોતાની રીતે અલગ છે. કેટલીકવાર સર્જનકાર્યમાં આ બન્ને ભેગા જોવા મળે તો કેટલીકવાર અલગ જોવા મળે છે.

પુરાકલ્પન અને સાહિત્યમાં અન્ય એક રૂપ સમાન છે અને તે છે પ્રકૃતિનું. પ્રકૃતિના તત્ત્વને સાહિત્યમાં પુરાકલ્પન સાથે જોડવામાં આવે છે ત્યારે રૂપકનો આધાર લઈને જ જોડવામાં આવે છે.

પુરાકલ્પન અને સાહિત્યમાં સામ્ય જોવું હોય કે ફરક જોવો હોય તો તેની સાથે જોડાયેલા કથાના વિષયવસ્તુ ઉપર મુખ્ય આધારિત બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.

પુરાકલ્પન : વ્યુત્પત્તિ, સંજ્ઞા અને સમજ :

પુરાકલ્પનની સંજ્ઞા વિશે સમજ મેળવતાં પહેલાં તેના આદિરૂપ સાથેના સંબંધની મૂલવણી કરી ત્યારે અને બેઉ સાથેનો સંબંધ તપાસ્યો ત્યારે ફલશ્રુતિ એ મળી કે જ્યારે જ્યારે આદિરૂપ અને પુરાકલ્પનનો ઉપયોગ થાય છે ત્યારે ત્યારે તે વ્યક્તિ, સમષ્ટિ કે સમાજ ઉપર આવીને સ્થિત થાય છે.

પુરાકલ્પનની સંજ્ઞાને સમજવા તેની સાથે વપરાતી મેટાફર, કલ્પન અને પ્રતીક જેવી સંજ્ઞાઓને સમજવી જરૂરી બની જાય છે. પુરાકલ્પન ખૂબ જ પ્રાચીન શબ્દ હોવા છતાં અર્વાચીન સાહિત્યમાં તે સૌથી વધુ મદદે આવ્યો છે. વળી, તેની ખૂબ નજીક

ગણાતા મેટાફર, પ્રતીક અને કલ્પન જેવી સંજ્ઞાના ઉપયોગથી સર્જક નાવીન્યસભર કૃતિ ભાવક વાચક સામે મૂકી શક્યો છે. પુરાકલ્પનની આ સંજ્ઞાની મદદથી સાહિત્યમાં સતત પરિવર્તનશીલતા જોવા મળી છે.

ભાષામાં જે અદૃષ્ટ છે, અમૂર્ત છે તેને મૂર્ત કરી આપવામાં મેટાફર મદદે આવે છે. તેના કારણે નવી દુનિયા, નવો અર્થ અને નવા વિચારનું નિરૂપણ અને નિર્માણ થયેલું જોવા મળે છે.

સુરેશ દલાલ, ઉમાશંકર જોશી, કલાપી જેવા મોટા ગજાના કવિઓ કે સુરેશ જોષી, પ્રહલાદ પારેખ, ધ્રુવ ભટ્ટ જેવા સફળ સર્જકોના હાથે ચડેલા પુરાકલ્પનો સર્જક્તાનું એક નવું સ્વરૂપ ધારણ કરે છે. સર્જન નવો પરિવેશ ધારણ કરે છે.

આમ, તેમની સર્જક્તામાં પુરાકલ્પન દ્વારા કલ્પન, પ્રતીક, મેટાફરની અલગ, આગવી, અનોખી ભાત જોવા મળે છે.

માનવી સતત પામવા માટે ઝઝૂમતો રહેતો હોય ત્યારે ચેતના કે વાસ્તવના સ્તરે થતા અનુભવોને પ્રતીકરૂપે પ્રગટાવી શકાય. આજે આધુનિક ગદ્યમાં પણ પ્રતીકોમાં આગેકૂચ જોઈ શકાય છે. ગુજરાતી સાહિત્યમાં ‘સમયદ્વીપ’, ‘ફેરો’, ‘વાંસના અંકુર’, ‘તેડાગર’ નવલકથાઓમાં પ્રતીક ખૂબ સુંદર રીતે વર્ણવાયેલા મળે છે. તો, પદ્યમાં મનોજ ખંડેરિયા, લાભશંકર ઠાકર, અનિલ જોશી, રાવજી પટેલ જેવાએ ઉત્તમ પ્રતીક કાવ્યોની ભેટ આપી છે.

મધ્યકાલીન ગુજરાતી કવિ મીરાંબાઈ, કબીર, નરસિંહ મહેતા અને અખો, સુંદરમ્, રાજેન્દ્ર શાહના પદ્યો પ્રતીકવાદી છે.

આમ, પુરાકલ્પનનું અસ્તિત્વ અનેકવિધ કથાના સંકુલરૂપે રહેલું છે. પ્રતીકની જેમ પુરાકલ્પન પણ પરિઘમાં ગતિ કરે છે. પુરાકલ્પન અને પ્રતીક સાહિત્યક્ષેત્રે અત્યંત

ઉપયોગી સાબિત થયાં છે. સર્જકના ઉત્તમ શસ્ત્રો છે. સર્જક દ્વારા એ બન્નેનો ઉપયોગ કરીને નવી જ ભાવસૃષ્ટિનું સર્જન થાય છે. ભાવકને નવો અને ચિરંતન અનુભવ થાય છે.

પુરાકલ્પનની લાક્ષણિક્તાઓ :

સામાન્ય રીતે સર્જક સર્જન કરે તે પહેલાં ચિંતન અને મનન કરે છે. આ ચિંતન–મનન વાચકની ભાવક્રિયાને, મનોજગતને અસર કરે છે. સમયાનુસાર પરિવર્તન થતાં જ રહે છે, તે અનુસાર પ્રાચીન અર્વાચીન જીવનશૈલી પણ પરિવર્તન પામે છે.

પ્રાચીન તરફ નજર નાખતાં ગાંધીજીથી શરૂ કરી રામાયણ–મહાભારતના ગ્રંથોનાં પાત્રો જે સાત્ત્વિક્તા ધરાવે છે તેના તરફ ધ્યાન જાય છે. અર્વાચીન તરફ નજર નાંખીએ તો અરાજક્તા, અસત્ય, ગેરવ્યવસ્થા, તોફાનો, રમખાણો નજરે પડે છે.

પ્રાચીન પાત્રોનું દૈવીતત્ત્વ, પરંપરા વગેરેને લઈને તેને કલ્પનાના રંગે રંગીને સુયોગ સધાય અને સર્જકત્વ મળે એ દિશામાં શરૂઆત કરવાથી 'સરસ્વતીચંદ્ર' અને 'યુલિસિસ' જેવી કૃતિઓ મળી. આવી કૃતિમાં થયેલા વિનિયોગને 'પુરાકલ્પન' તરીકેની ઓળખ મળી.

પુરાકલ્પન એટલે – 'પૂરા'. એટલે કે જે થઈ ગયું છે તે અને 'કલ્પન' એટલે સર્જક દ્વારા ઉમેરાયેલું કલ્પનાજગત.

પુરાકલ્પન એ પ્રાચીન દંતકથા, દૃષ્ટાંતકથા, આખ્યાયિકાની સહાયથી વર્તમાન જીવનના કોઈક ને કોઈક અનુભવને વ્યક્ત કરવાની રીતિ છે.

આદિકાળનું આદિમાનવે સર્જેલું કલ્પન કે પ્રતિરૂપ સમય જતાં પ્રતીક અને ત્યારપછી પુરાકલ્પન બની જાય છે.

પુરાકલ્પન એ ....

- ગૂઢ રાજનૈતિકભાષા છે.
- વિશ્વ સાંસ્કૃતિક ઘટના છે.
- માનવીય જ્ઞાનકોષનો પ્રતીકાત્મક લેખ છે.
- રચયિતાનો ઇતિહાસ છે.
- પૌરાણિક્તા એટલે પુરાકલ્પન.
- કલ્પનાની ચમત્કૃતિ ....
- પુરાણને આધારે નવીન જીવનદર્શન.

આદિકાળથી માનવ, પ્રકૃતિ કેવાં એકરૂપ રહેતાં આવ્યાં છે, માનવીય અખંડતા શું છે ? એ બધી બાબતનો તાગ પુરાકલ્પનથી મળે છે.

પુરાકલ્પન ત્રણેય તત્ત્વો – મેટાફર, ઈમેજ અને સિમ્બોલથી અલગ પડતું જોવા મળે છે.

પ્રવીણ દરજી નોંધે છે કે, "પુરાકલ્પનના ગૃહિતો ભલે એક વાક્યતા ન દર્શાવે પણ એક વાતનો સ્વીકાર તો કરવો જ રહ્યો કે પુરાકલ્પન સમસ્ત પ્રજાના છે. આપણા સર્વના પૂર્વજો તરફથી મળેલો અમૂલ્ય વારસો છે."

આમ, પુરાકલ્પન સમગ્ર માનવના અખિલ અનુભવની અભિવ્યક્તિ અને વિશ્વ સાંસ્કૃતિક ઘટના છે. તે હેતુલક્ષી હોય છે અને પ્રકૃતિ તેમજ જીવનના માહાત્મ્યને સમજવા માટેની શોધ છે.

સારાંશતઃ પુરાકલ્પનની ખૂબ નજીક એવા આદિરૂપ અને સાહિત્ય સાથેના તેના સંબંધની ચર્ચા કરી. મેટાફેર, ઈમેજ અને સિમ્બોલ જેવા સંજ્ઞાને પુરાકલ્પનના

સંદર્ભમાં તપાસી. ત્યારબાદ વિવેચકો, અભ્યાસીઓના મંતવ્યો તથા પુરાકલ્પનની વિશિષ્ટતા અને લાક્ષણિક્તાની ચર્ચા કરવાનું વિચાર્યું છે.

<u>પ્રકરણ–૩</u>

ગુજરાતી સાહિત્યમાં પુરાકલ્પન

આ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યમાં મધ્યકાલીનયુગથી પંડિતયુગ સુધીનું સર્જનકાર્ય, તે સમયના સર્જકો તથા જે તે સમયના વાતાવરણ, રહેણીકરણી, લોકજીવન, રાજનીતિ વગેરેના આર્થિક, સામાજિક, ધાર્મિક જેવા મુદ્દાઓને આધારે સર્જનકાર્ય વિશે વિસ્તૃત માહિતી રજૂ કરી છે.

ગુજરાતી સાહિત્યમાં પુરાકલ્પનનું ખેડાણ આખ્યાન, કાવ્ય, નાટ્ય અને વાર્તાક્ષેત્રે કેટલું અને કેવી રીતે થયું છે તેની નમૂનારૂપ કૃતિઓ અને ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ સર્જકોની સાહિત્ય દ્વારા મૂલવણી કરી છે.

નાટ્ય સ્વરૂપમાં ઉમાશંકર જોશીનાં બે પદ્યનાટક 'મહાપ્રસ્થાન' અને 'પ્રાચીના'ની અને આખ્યાન સ્વરૂપમાં 'નળાખ્યાન'ની મૂલવણી કરી છે તથા અન્ય સ્વરૂપોમાંથી નમૂનારૂપ કૃતિઓની ચર્ચા કરવામાં આવી છે.

ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીનયુગથી પંડિતયુગ :

મધ્યકાલીન સાહિત્યની વાત કરીએ તો ઈ.સ. ૧૧૫૦ થી ૧૮૫૦ સુધીનો દીર્ઘકાળ જે ૭૦૦ વર્ષ દરમિયાનનો ગણાય છે તે સમયે પણ સાહિત્યસર્જન થયેલું જોવા મળે છે. મધ્યકાલીન કવિ વ્રજસેન, શાલિભદ્રસૂરિથી માંડીને દયારામ સુધીના કવિઓના સર્જનકાળને મધ્યકાલીનયુગ ગણાવાયો છે. મધ્યકાલીનયુગના અંતિમ કવિ દયારામ છે.

ઈ.સ. ૧૧૬૯માં વ્રજસેનની ‘ભરતેશ્વર બાહુબલિ ઘોર’ અને ઈ.સ. ૧૧૮૫માં શાલિભદ્રસૂરિની ‘ભરતેશ્વર બાહુબલિરાસ’નું ઉત્તમ સર્જન થયું.

મધ્યકાલીનયુગમાં જ્ઞાન, ભક્તિ, કર્મ, ચિંતન અને ધર્મને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું. મધ્યકાલીન સાહિત્યનો વિચાર કરીએ ત્યારે મહાન સર્જક પ્રેમાનંદ નજર સમક્ષ આવી જાય. એમણે આ સમય દરમિયાન આખ્યાન સર્જન કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. ગીતા, વેદો, મહાભારત, રામાયણ કે પછી ભાગવત ! આ પુરાણગ્રંથોનો સહારો લઈ તેની કથાવસ્તુને આખ્યાનમાં ઊતારી લોકો સમક્ષ મૂકવાનું શ્રેય તેમને જાય છે. આ ગ્રંથોને આધારે ‘મામેરું’, ‘સુદામાચરિત’, ‘નળાખ્યાન’ જેવી કૃતિઓનું સર્જન કર્યું.

મધ્યકાલીનયુગને ભક્તિલક્ષણા ગુણ ધરાવતો યુગ માનવામાં આવે છે. એ સમયની કૃતિમાં ભક્તિ, ધર્મ અને અધ્યાત્મનું સુંદર સંયોજન અને તેની રચના માટે પુરાકલ્પનનો વિશિષ્ટ પ્રયોગ ધ્યાનાકર્ષક છે.

મધ્યકાળથી આગળ વધીએ ત્યારે નરસિંહની રચનાઓમાં ખાસ કરીને આસ્વાદ્ય પદો મળી શક્યાં. શ્રીકૃષ્ણની ભક્તિ દ્વારા ઈશ્વર પ્રત્યેની આસ્થાનાં પદો, કવિતા પુરાકલ્પનનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે. નરસિંહ પછી અખાના છપ્પાઓ પણ લોકપ્રિય બની રહ્યા. જે તે સમયને ધ્યાનમાં રાખી તે સમયની પરંપરાનો વિરોધ છપ્પામાં જોવા મળે છે.

આજના આધુનિક સર્જકને પુરાકલ્પનનો વિનિયોગ કરવાની તક મળી શકે એવી કલાકૃતિઓનું સર્જન મધ્યકાલીનયુગમાં જોવા મળે છે. મધ્યકાલીનયુગ પછી અર્વાચીનયુગમાં આધુનિક સાહિત્ય સ્વરૂપના રૂપે નવીન કાવ્યો, વાર્તાસંગ્રહો અને નવલકથાનો મોટો ખજાનો મળી શક્યો.

અર્વાચીનયુગના પ્રારંભે ઈ.સ. ૧૮૬૬માં આ યુગની પ્રારંભિક કૃતિ 'કરણઘેલો' અને 'નર્મકવિતા' પ્રકાશિત થઈ. 'કરણઘેલો' તે સમયની સર્વપ્રથમ નવલકથા છે. આ યુગ ખાસ કરીને નર્મદની લેખનકળાથી સભર રહ્યો તેથી 'નર્મદયુગ' તરીકે પણ યોગ્ય ગણી શકાય. સમાજના રીતરિવાજ સામે લાલબત્તી ચીંધી સમાજના રૂઢિગત રિવાજોમાં સુધારો લાવવાનો પ્રયત્ન કર્યો. આથી આ યુગને 'સુધારકયુગ' તરીકે પણ ઓળખવામાં આવે છે. નર્મદની સાથે સાથે નવલરામ, દુર્ગારામ, દલપતરામ વગેરેનાં સાહિત્યસર્જનોનો લાભ મળ્યો. સમાજ, શિક્ષણ અને ધર્મ ઉપર ખૂબ અદ્ભુત કહી શકાય એવું સર્જનકાર્ય મળી શક્યું.

ઈ.સ. ૧૮૮૭માં અર્વાચીનયુગ (સુધારકયુગ)ની સમાપ્તિ પછી આજે પણ લીલીછમ તાજી નવલકથા 'સરસ્વતીચંદ્ર'નો ઉદય થયો. ગોવર્ધનરામ ત્રિપાઠી દ્વારા આ નવલકથાની સાથે સાથે સમાજને અનુલક્ષીને અનેક સર્જન મળી શક્યાં. આખો યુગ 'ગોવર્ધનયુગ' ગણીએ તો યોગ્ય રહે એટલી માત્રામાં ! તેમના સર્જનકાર્યની વિશેષતાને લીધે આ યુગ 'પંડિતયુગ' (સાક્ષરયુગ) તરીકે ઓળખાયો. ગોવર્ધનરામ ત્રિપાઠીની સાથે સાથે મણિશંકર રત્નજી ભટ્ટ, નરસિંહરાવ દિવેટીઆ, આનંદશંકર ધ્રુવ, મણિલાલ દ્વિવેદી જેવા સાક્ષર પંડિતોથી આ યુગમાં ઉત્કૃષ્ટ સર્જનકાર્ય અસ્તિત્વમાં આવ્યું. આમ, મધ્યકાલીનયુગથી પંડિતયુગનું સાહિત્યસર્જન અનુપમ અને ઉત્કૃષ્ટ રહ્યું.

કાવ્યસ્વરૂપમાં પુરાકલ્પન :

ગુજરાતી સાહિત્યમાં કાવ્યસ્વરૂપ વાચકોને ખૂબ જ ભાવરમ્ય વાતાવરણનો પરિચય કરાવે છે. કાવ્ય સ્વરૂપે લખાયેલ વિચારો, ઊર્મિ, લાગણી ભાવકના મન અને હૃદયને સીધો સ્પર્શ કરી શકે છે. ઉમાશંકર, ઉશનસ્, કાન્ત, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા જેવા મોટા ગજાના કવિઓએ કાવ્યસ્વરૂપમાં પુરાકલ્પનનો પ્રયોગ કર્યો છે.

કાવ્ય સ્વરૂપમાં પુરાકલ્પનના ઉપયોગથી કવિઓએ ભાવકના મન સુધી પ્રાચીનતમ ગ્રંથોને મૂકવાનો ઉત્તમ પ્રયોગ કર્યો છે. પુરાકલ્પન માટે ઉપયોગમાં લીધેલ વિષયવસ્તુ દ્વારા આધુનિક માનવીની સંવેદના, જીવનરહસ્ય અને મન તથા હૃદય સુધી તેને પહોંચાડવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે.

પુરાકલ્પનના ઉપયોગ દ્વારા ભૂતકાળની ભવ્ય સાહિત્ય સામગ્રીને નવાં રૂપ આપી માનવીમાં હૃદયસ્થ કરવાના ઉત્તમ પ્રયાસ થયા છે.

નાટ્યક્ષેત્રે પુરાકલ્પન :

'પુરાકલ્પન'નો ઉપયોગ કાવ્ય, વાર્તા, નવલકથા, આખ્યાન વગેરેમાં જેટલો થયેલો છે તેટલો નાટ્યસ્વરૂપમાં થયો નથી, છતાં ગુજરાતી સાહિત્યક્ષેત્રે જૂજ નાટકો એવા પણ લખાયા છે કે તે આજે પણ લોકહૃદયમાં વસેલા છે. લોકો આજે પણ એ લેખકોને યાદ કરે છે. ખાસ કરીને પશ્ચિમ સાહિત્યમાં આ નાટ્યસ્વરૂપમાં પુરાકલ્પનનો પ્રયોગ વધુ જોવા મળે છે.

પશ્ચિમના સાહિત્યમાં 'ઓથેલો', 'હેમ્લેટ' જેવી શેક્સપિઅરની રચના આજે પણ એટલી જ લોકપ્રિય છે. જે પુરાકલ્પનને મહત્ત્વ આપે છે.

ગુજરાતી સાહિત્યમાં ખાસ કરીને પ્રથમ હરોળમાં બેસી શકે એવા ઉમાશંકર જોશીના બે નાટકોની આપણે અહીં ચર્ચા કરીશું. મહાભારતનાં પાત્રો અને સંવાદો સાથે વાતાવરણનો પુરાકલ્પન તરીકે પ્રયોગ કરીને લેખકે બે સુંદર સર્જનની ગુજરાતી સાહિત્યને ભેટ આપી છે, જે સાહિત્યક્ષેત્રે અદ્વિતીય અને અનુપમ રહેશે.

'મહાપ્રસ્થાન' પદ્ય નાટક છે. આપણે તેમાં રહેલા Myth વિશે જ ચર્ચા કરીશું. 'મહાપ્રસ્થાન'માં કુલ–૭ રચનાઓ છે. એમાં શીર્ષક બનતી પ્રથમ રચના

'મહાપ્રસ્થાન'માં પાંડવ અને દ્રૌપદીના સંવાદમાં જ પુરાકલ્પનનો ઉપયોગ થયેલો જોવા મળે છે.

પાંચ પાંડવો અને દ્રૌપદી 'મહાપ્રસ્થાન' માટે ચાલી નીકળે છે ત્યારે દ્રૌપદી, સહદેવ, નકુલ, અર્જુન, ભીમ વગેરેની કાયા ગળાવા માંડે છે. તેમની આ દશા કેવી રીતે થાય છે ? તેની ચર્ચાના સંદર્ભમાં પુરાકલ્પનના પ્રયોગ દ્વારા સમગ્ર સર્જનકાર્ય કરવામાં આવ્યું છે. તેમની સાથે છેલ્લે સુધી ચાલતો શ્વાન યમરાજ પોતે છે. અહીં યમરાજ પોતે શ્વાનનું રૂપ ધારણ કરી પ્રસ્થાનની શરૂઆતથી ધર્મથી આરૂઢ પગલાં સૂંઘતો હું ચાલું છું એવું સ્વીકારી કહે છે કે, "આજે મારા જ સ્વર્ગમાં પ્રવેશવાનો મને નવો અધિકાર પ્રાપ્ત થયો છે."

આમ, આ પદ્યનાટકમાં પ્રતીકો, કલ્પનો દ્વારા વ્યક્તિની સમષ્ટિ તરફ ગતિ કરતી બતાવાઈ છે. પુરાકલ્પનના સંદર્ભે આ કૃતિને તપાસતાં તે પુરાણગ્રંથોના પ્રતીક સાથે સમજાવે છે કે, જેવું જેનું પુણ્ય તેવું તેનું ફળ. સ્વર્ગ અને નરકનો અધિકાર પણ તેને એ જ રીતે પ્રાપ્ત થાય છે.

આ પુરાકલ્પનો દ્વારા જીવન જીવવાની કળા અને રચનાનો કવિએ ભાસ કરાવ્યો છે. આ રીતે બાકીની છ રચના 'યુધિષ્ઠિર', 'અર્જુન–ઉર્વશી', 'નિમંત્રણ', 'કચ', 'મંથરા', 'ભરત'માં પણ કવિએ પુરાકલ્પનનો ભરપૂર ઉપયોગ કરી માનવજીવન પ્રકાશિત થાય એવા અંશો નિરુપ્યા છે.

'પ્રાચીના' પદ્યનાટકમાં ઉમાશંકર જોશી 'ત્રીજો અવાજ' તરફમાં સાત રચનાઓ નાટક, ઊર્મિકાવ્ય, એકાંકી જેવા બની રહેતા વર્ણવે છે. આ રચનામાં પુરાણના–પ્રાચીનના તત્ત્વોને ઉમેરી લઈ, પુરાકલ્પનનો પ્રયોગ કરવામાં કવિએ સફળ સર્જકની પ્રસિદ્ધિ મેળવી છે.

'પ્રાચીના' નાટકની પ્રથમ રચના 'કર્ણ–કૃષ્ણ' છે. કર્ણ દ્વારા પ્રતીક–પુરાકલ્પન લઈ મૈત્રીનું મૂલ્ય આજના માનવીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

બીજી રચના '૧૯મા દિવસનું પ્રભાત'માં ગાંધારી, દ્રૌપદી અને કુંતી જેવી નારીઓના હૃદયમાંથી આજની નારીના હૃદયમાં, જીવનમાં પડેલી વેદનાને શોધી દર્શાવવામાં આવી છે. આ નારીપાત્રોનો પુરાકલ્પન તરીકે પ્રયોગ કરી આજની નારીના હૃદયની વિડંબનાને દર્શાવવામાં કવિ સફળ રહ્યા છે. ગાંધારી શોકની દશામાં કૃષ્ણને શાપ આપે છે તે સમયે કૃષ્ણના અને ગાંધારીના સંવાદો દ્વારા માનવજીવનના કલ્યાણનું પ્રયોજન થયેલું જણાય છે.

ત્રીજી રચનામાં 'ગાંધારી'ના પાત્ર દ્વારા સમગ્ર સ્ત્રીવૃંદના દુઃખનો નિર્દેશ કર્યો છે. અહમ્‌ની લડાઈમાં અંતે સ્ત્રીઓએ જ સહન કરવાનું રહે છે એ વાત ખૂબ સફળ રીતે ગાંધારી, દ્રૌપદી અને કુંતી તથા કૃષ્ણના સંવાદ દ્વારા દર્શાવવામાં આવી છે.

ચોથી રચના 'બાળ રાહુલ'માં રાહુલના પાત્રને પુરાકલ્પન તરીકે લઈ કવિ વિશ્વકલ્યાણની વાતને લોકસમુદાય સુધી લઈ જવામાં સફળ રહ્યા છે.

પાંચમી રચના 'રતિ–મદન', 'શિવ–ગૌરી' પાત્રોને પુરાકલ્પન સ્વરૂપે લઈ સ્ત્રી–પુરુષ સંબંધ અંગેની એક ઉદાત્ત ભાવના પ્રગટાવી માનવીના મનમાં સ્ત્રી–પુરુષ સંબંધની ઉચ્ચતાનું આરોપણ કરવાનો પ્રયાસ કર્યો છે. Mythના ઉપયોગથી સમષ્ટિ સુધી શુદ્ધ પ્રણય ભાવના પ્રગટાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

છઠ્ઠી રચના 'આશંકા' જાતકકથા ઉપરથી લેવામાં આવી છે. માણસ પોતે પોતાને સંશયામુખ થઈ ગયેલો અનુભવે ત્યારે જ તેનો હાથ શ્રદ્ધા તરફ જાય છે એવું દર્શાવવા ઋષિ, આશંકા, બ્રહ્મદત્ત રાજાના પુરાકલ્પનનો ઉપયોગ કરી સર્જનકાર્ય કરવામાં આવ્યું છે. આ વાતને પ્રેમના અનુભવાર્થે પણ લેવામાં આવી છે.

'પ્રાચીના'ની અંતિમ રચના 'કુબ્જા' માટે કુબ્જા પાત્રનો પુરાકલ્પન તરીકે ઉપયોગ કરતાં કવિ કહે છે કે, "'કુબ્જા' એટલે જેનો વિકાસ રૂંધાયો છે તેવો માનવ – એવો કુંઠિત જીવ. આવા માનવને અન્યનો સહારો કે સ્પર્શ મળે તો તે શૌર્ય અને પ્રેમની પ્રતિકૃતિ બની શકે એવી કલ્પના કરી છે.

આમ, 'મહાપ્રસ્થાન' અને 'પ્રાચીના'ના પદ્ય નાટકો થકી સમાજમાં પ્રણય, મૈત્રીભાવ, મિલન, ઈશ્વર પ્રાપ્તિ, દ્વેષ, દયા, કરુણા વગેરે ભાવોને ઉપસાવવામાં પુરાકલ્પનોનો યથાયોગ્ય ઉપયોગ થયેલો જણાય છે.

વાર્તાક્ષેત્રે પુરાકલ્પન :

ગુજરાતી સાહિત્યમાં આખ્યાન, કાવ્ય, નવલકથા, નાટક અને વાર્તાસ્વરૂપ જોવા મળે છે. આ બધામાંથી ટૂંકીવાર્તાનું સ્વરૂપ આજના આધુનિકતમ યુગમાં પણ લોકપ્રિય છે. લાંબીલચક નવલકથા, અવતરણોની ભરમાર, અંતની પરાકાષ્ઠા આ બધું આજના વાચક માટે નિરસતા સમાન છે. જ્યારે ટૂંકીવાર્તામાં એક જ બેઠકે વાંચવું અને વિષયવસ્તુનું હાર્દ તથા અંતની જાણ તરત થાય એવું આજના વાચકને વધુ પસંદ પડે છે. આથી જ કદાચ ટૂંકીવાર્તાનું સ્વરૂપ સાહિત્યમાં વધુ પ્રસિદ્ધ, પ્રચલિત અને પસંદગી પામ્યું છે.

ધૂમકેતુ, ર. વ. દેસાઈ, ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ અને સુરેશ જોષી જેવા સંપન્ન લેખકો પાસે ગુજરાતી સાહિત્યનો અનોખો ખજાનો ટૂંકીવાર્તા સ્વરૂપે મળ્યો છે. સૌથી વધુ ટૂંકીવાર્તાના સર્જન માટેનો યશ સુરેશ જોષીને મળે છે. તેમણે વાર્તામાં આકાર, પ્રતીકનો ઉપયોગ કર્યો છે. પુરાકલ્પન જેવા પાસાંને ખેડીને આ સર્જન કર્યું છે. તેમના 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાં 'જન્મોત્સવ', 'નળદમયંતી', 'કાલીયમર્દન' જેવી નમૂનારૂપ વાર્તાનો આપણે અહીં પુરાકલ્પનના વિનિયોગ સ્વરૂપે અભ્યાસ કરીશું.

<u>પ્રકરણ–૪</u>

અનુગાંધીયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૪.૧ 'માધવ ક્યાંય નથી' – હરીન્દ્ર દવે (૧૯૭૦) :

ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલા લેખકમાં જેમની ગણના કરવામાં આવે છે એવા હરીન્દ્ર દવેની ૧૯૭૦માં પ્રકાશિત થયેલી નવલકથા 'માધવ ક્યાંય નથી' ૨૦૦૩ સુધીમાં ૧૧ વખત પુનર્મુદ્રણ પામી છે. આ નવલકથામાં શ્રીકૃષ્ણના જીવનકાર્યોને આલેખીને માધવના પુરાકલ્પન દ્વારા મનુષ્ય જીવનમાં વસતા પ્રેમના તત્ત્વને તો મહત્ત્વ આપ્યું જ છે, પરંતુ સાથે સાથે કૃષ્ણના વિરહમાં ઝૂરતાં ગોકુળ–મથુરાના લોકો, રાસલીલા, વિરહી રાધા અને ભાવકના હૃદયને પુલકિત કરે એવા પ્રેમને ઉચ્ચશિખરે સ્થાપવાનો પ્રયાસ થયો છે. મુખ્યત્વે ત્રીજાપુરુષ એકવચન જેવા કથનકેન્દ્રને પસંદ કરીને લેખકે પુરાણકથાના પ્રસંગોને આજના સંદર્ભે રજૂ કરી કથાને સુંદર બનાવી છે. કૃષ્ણના પાત્ર દ્વારા વીંખાઈ ગયેલા માનવજીવનની તૂટક કડીને સાંકળ બનાવવી જોઈએ એવો મર્મ રજૂ કરે છે.

૨૯ પ્રકરણો અને ૨૭૦ પૃષ્ઠ સંખ્યામાં લખાયેલી આ કૃતિનું કથાવસ્તુ સીધું અને સરળ છે. દેવકીના આઠમા સંતાનને જોવા આવેલ નારદ છેક સુધી કૃષ્ણને મળી શકતા નથી અને અંતે મળે છે ત્યારે કૃષ્ણએ ત્રિવેણીસંગમથી થોડે દૂર પીપળાના વૃક્ષ નીચે પારધીના બાણનો પ્રહાર ઝીલી શાંત મુદ્રા ધારણ કરી લીધી હોય છે.

નારદની અસ્વસ્થતા વચ્ચે નવલકથાના અંતમાં ઉદ્ધવ દ્વારા લેખક કૃષ્ણ જીવનના મહત્ત્વને ભાવકના હૃદય સુધી પહોંચતું કરવામાં સફળ રહે છે. તેઓ આ બાબતે કહે છે કે, "યુગે યુગે કુરુક્ષેત્રો થતાં રહેશે, યુગે યુગે યાદવાસ્થળી રચાશે પણ એ

દરેક યુગે કૃષ્ણ તો હશે જ ! એના વિરહમાં ઝૂરનારાઓ પણ હશે અને તેમના તપોબળથી જ આ દુનિયા ટકી રહેશે.

ઉદ્ધવના આ સંવાદોમાં કૃષ્ણના જીવનને તો વિશ્વવ્યાપી બનાવ્યું જ છે, પરંતુ ભાવિ ભક્તો અને સજ્જનોની ઝંખના પણ લેખકે વ્યક્ત કરી છે. યુગે યુગે કુરુક્ષેત્ર થવાની વાત આજે પણ આપણી સરહદોમાં ઓછેવત્તે અંશે અનુભવાય છે, પણ કૃષ્ણની શોધ તો સજ્જનોના હૃદયમાં બિરાજે છે. તેથી જ તો કથાના અંતનું વાક્ય ઉદ્ધવના મુખમાંથી નીકળીને જાણે સર્વવ્યાપી બની રહે છે – "કૃષ્ણના વિરહમાં ઝૂરનારાઓ હશે અને એમના તપે જ આ દુનિયા ટકી રહેશે." નવલકથાનો આવો અંત નવલકથાનું કેન્દ્રબિંદુ છે.

૪.૨ 'અહલ્યા' – ઈલા આરબ મહેતા (૧૯૭૨) :

માત્ર ૭૦ જેટલાં પાનામાં સમાવિષ્ટ આ નાનકડી કથામાં લેખિકાએ મુખ્યત્વે પ્રથમપુરુષ એકવચનના કથનકેન્દ્રને પસંદ કરી નાયિકા મંજુ દ્વારા કંઈક અંશે મનોવિશ્લેષણાત્મક તો ક્યારેક ડિટેકટીવ જણાતી આ કથામાં નાયિકાના હૃદયના મનોમંથનની વાત કરી છે. જીવન ટૂંકાવી દેવાના નિર્ધાર સાથે એક સાથે ઊંઘની ગોળીઓ પી જઈ હોસ્પિટલમાં દાખલ થયેલી નાયિકા ભાનમાં આવતાં પોતાને અહલ્યા સાથે સરખાવે છે, ત્યારે પેલી રામાયણની અહલ્યા ભાવકના ચિત્તમાં તરવરે છે. પરંતુ લેખિકાએ તો અહલ્યાના પુરાણતત્ત્વને Mythનું રૂપ આપી કથામાં એક આધુનિક અહલ્યાને આપણી સમક્ષ નાયિકા મંજુના રૂપમાં મૂકી છે.

મંજુના જીવનમાં બનતી સુખની ઘટનાઓ જાણે આપેલા સંવાદોમાં અગોચર છુપાયેલી હોય એવું લાગે છે. લેખિકા કથાના પાત્રમાં મનોવિશ્લેષણાત્મક રીતે કેટલીક બાબતો એવી મૂકતા હોય છે કે જેની કડી કોઈ ભૂત કે ભવિષ્ય સાથે સંબંધ ધરાવતી હોય છે.

ક્યારેક નાના નાના સંવાદોમાં ઘણી જ માર્મિક વાતો કહી દેવામાં લેખિકાને સફળતા મળી છે. માત્ર શલ્યા જ રહેનાર નાયિકા મંજુને જાણે રામના પ્રતીક રૂપ જોસેફીન ફરી અહલ્યા બનાવવામાં કામયાબ નીવડે છે.

પ્રેમ એટલે અધિકાર અને એમાંથી થતો મમત્ત્વનો જન્મ. એ મમત્ત્વમાંથી પ્રગટ થતું દુઃખ. નાયિકા તમામ બંધનોના વર્તુળમાંથી બહાર નીકળી વિશ્વની વિશાળતામાં પ્રવેશી હોય એવું જણાય છે.

લેખિકાએ અહલ્યાના રૂપકથી મંજુના જીવનમાં આવતા પરિવર્તનોને આધુનિક સંવાદોમાં ઢાળીને કથાના કલાઘાટને ન્યાય આપ્યો છે. પુરાકલ્પન દ્વારા લખાયેલી આ નવલકથાનું શીર્ષક 'અહલ્યા' નાયિકા મંજુ દ્વારા સાકાર થતું જણાય છે.

<u>પ્રકરણ–૫</u>

આધુનિકયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૫.૧ 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' – જોસેફ મેકવાન (૧૯૮૧) :

જૂનવાણી લાગતા મૂલ્યને નવા સંદર્ભમાં જીવી બતાવવાનું સમજપૂર્વકનું સાહસ એટલે જ 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' જેવી શ્રેષ્ઠ કૃતિ. સામાન્ય જીવન જીવતા કુટુંબમાં એક અણધાર્યા પ્રસંગથી આવી પડતા સંઘર્ષોને સહન કરતાં પાત્રોની મનોવૈજ્ઞાનિક ઢબે લખાયેલી આ સમાજકથામાં શશીકાન્તના પાત્રની સાથે જ રામાયણના એ લક્ષ્મણના પાત્રને યાદ કરાવતી અને એ રીતે લક્ષ્મણના પુરાકલ્પનને લઈને જોસેફ મેકવાને Mythનો સુંદર વિનિયોગ પોતાના મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ૨૮૮ પાનામાં સમાવીને એક સફળ નવલકથા ગુજરાતી સાહિત્યને ભેટ આપી છે.

'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' વાંચતી વખતે ભાનુભાઈએ અવસાન પૂર્વે માગી લીધેલા વચનથી બંધાયેલા દિયર–ભાભી ઓળખ પૂરતાં પતિ–પત્ની બની બ્રહ્મચર્ય ધારણ કરે ત્યારે મનોવિજ્ઞાન દ્વારા બ્રહ્મચર્ય સામે ઊભા થયેલા પ્રયત્નો પૂરેપૂરા અવગત થતા જોવા મળે છે.

લક્ષ્મણે કશો દાવો કર્યા વિના વ્રત આદરી લઈ માણસ તરીકેની નબળાઈઓ સ્વીકારીને મોટી મથામણ કરી છે. પ્રેમના પ્રબળ વિકલ્પની ઉપાસના દ્વારા રચાયેલી આ કથા 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' ખ્રિસ્તી સમાજનો પરિવેશ ધરાવે છે.

લેખક ગીતા અને બાઈબલ બન્નેનું દોહન પામેલા છે. પાત્રો, ભારતીય સંસ્કાર માટેનો પક્ષપાત સૂચવે છે. શશીકાન્ત રામાયણના લક્ષ્મણની અગ્નિપરીક્ષાની યાદ અપાવી જાય છે. લેખક અહીં મનોવૈજ્ઞાનિક કથાના નિરૂપણમાં સાદ્યંત સફળતા પ્રાપ્ત કરે છે.

'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' પુરાકલ્પનને ધ્યાનમાં રાખીને લેખકે તાર્કિક પદ્ધતિ દ્વારા શશીકાન્તને આધુનિક લક્ષ્મણને પોતાના સુંદર કલ્પનમાં મઢીને પુરાકલ્પનનો વિનિયોગ કરેલો છે.

૫.૨ 'કુરુક્ષેત્ર' – મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૯૫) :

નવલકથાકાર 'દર્શક'ની કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિની આગવી છાપ ઉપસેલી જોવા મળે છે. દર્શકની કૃતિ હોય એટલે વાચક કે ભાવકની આ અપેક્ષા હોય જ ! એમાં નવાઈ લાગે એવી બાબત નથી જ નથી. દર્શકના વિચારો ગાંધીજીના વિચારો સાથે સુમેળ ધરાવતા હતા. ઊંડી સૂઝ ધરાવતા દર્શકની કૃતિઓ પણ સિદ્ધિના સોપાનો સર કરી શકી છે. 'બંદીઘર', 'બંધન અને મુક્તિ', 'દીપનિર્વાણ',

'કુરુક્ષેત્ર', 'ઝેર તો પીધાં જાણી જાણી' જેવી નવલકથાઓમાં આપણે માનવ–જીવનની લાગણીઓ, ઊર્મિઓ, આશાઓ, સંઘર્ષો, વાદ–વિવાદ, સ્વતંત્રતા–પરતંત્રતા વગેરેનો તેમની છટાદાર શૈલીમાં ઉલ્લેખ થયેલો અનુભવી શકીએ.

ઈ.સ. ૧૯૯૫માં પ્રકાશિત થયેલ 'કુરુક્ષેત્ર' દર્શકની નોંધપાત્ર નવલકથા છે. દર્શકને શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર શ્રદ્ધા છે. અહીં મહાભારતના વિષયવસ્તુમાંથી કુરુક્ષેત્રના વિષયવસ્તુને પૌરાણિક સંદર્ભ તરીકે લેવાયેલ છે. નવલકથાને Mythના સુંદર વિનિયોગમાં ઢાળીને નવું રૂપ આપવામાં આવ્યું છે. મહાભારતના મર્મજ્ઞ એવા દર્શકે તેમાંથી પૌરાણિક સંદર્ભો પસંદ કરી ગુજરાતી સાહિત્યમાં ઘણું યોગદાન આપ્યું છે. મહાભારતના મર્મને સર્જક સ્પર્શે ત્યારે શું પરિણામ આવે ? તેનું દર્શન આ કથામાં સાંપડે છે.

તત્ત્વતઃ તો કુરુક્ષેત્રના અઢાર દિવસની કથા છે પણ તેની સાથે તપતી અને તિલકની પ્રેમકથા મૂકી તે પાત્રોના મનમાં ચાલતા કુરુક્ષેત્રની પણ આ કથા છે. આર્ય–અનાર્ય, નાગકિરાતોના સંમિલનની આ કથા છે.

લેખકે 'કુરુક્ષેત્ર' નવલકથાની વસ્તુસંકલના એટલી સિફતથી કરી છે કે સમગ્ર નવલકથા રમણીય બની રહી છે, ઘટનાને નાવીન્ય મળતું રહ્યું છે. દર્શકે છેક અંત સધી તપતી (પાત્ર)ને શ્રીકૃષ્ણ સાથે રાખીને બે છેડા પરથી શરૂ થતા કુરુક્ષેત્રોનું સાયુજ્ય સાધી Mythના વિનિયોગથી સભર સુંદર કૃતિનું નિર્માણ કર્યું છે.

મહાભારતના કુરુક્ષેત્રને પ્રણયભાવ સાથે તપતી–તક્ષકનું ચિત્રણ કરી તેમને આવતાં વિઘ્નો અને મહાસંહાર થયા પછી અંતે નવસર્જન તો છે જ ! એવી વિશાળ સમજ દાખવતા દર્શકે અહીં પુરાકલ્પનનો સુંદર વિનિયોગ કર્યો છે.

પ્રકરણ–૬

અનુઆધુનિકયુગની નવલકથાઓમાં પુરાકલ્પન

૬.૧ 'મહારથી કર્ણ' – કલ્પેશ પટેલ (૨૦૦૪) :

ઈ.સ. ૨૦૦૪માં રચાયેલી આ નવલકથા 'મહારથી કર્ણ'ને લેખકશ્રી કલ્પેશ પટેલે નાનાં નાનાં ૩૭ પ્રકરણોમાં વિભાજિત કરી, ૨૧૬ પૃષ્ઠોમાં આકારિત કરીને કર્ણના પાત્રને જીવંત કર્યું છે. લેખક અહીં પ્રાચીન વિષયને વર્તમાન સુધી ખેંચી લાવ્યા છે. આખી નવલકથા વાંચતાં જણાય છે કે, લેખકનો કર્ણ ખરા અર્થમાં જ મહારથી, મહાયોદ્ધો, મહામાનવ તો બની જ રહે છે, પરંતુ દુર્યોધનના પક્ષે હોવાને કારણે તેને ઘણી યાતનાઓ ભોગવવાનો સમય આવે છે.

લેખક વર્ણભેદ, જ્ઞાતિભેદ, છૂતાછૂતના ભેદ કર્ણ જેવા તેજસ્વી યુવાનને કેટલાં હંફાવે છે તેની યોગ્ય રજૂઆત કરી Mythના વિનિયોગ સુધી પહોંચી છે.

આજે પણ 'ભેદ' નામના રાક્ષસ ઘણી વ્યક્તિઓ સમાજમાં જોવા મળે છે. એ લોકો સમાજને તથા અન્ય વ્યક્તિને ગ્રસી લે છે. કર્ણ જેવા પાત્રનો જન્મ થાય તો તે બંધનની દરેક દીવાલ તોડીને બહાર આવી શકવાની ધૈર્યતા, હિંમત અને સાહસના ગુણોને લેખકે વેગ આપ્યો છે. લેખક કર્ણના ઉદાત્ત વિચારોને રામરાજ્યનું સમ્માન કરાવે છે.

સૂતવર્ણ કે હીનકુળમાં જન્મ લેવાથી માનવી હીન બનતો નથી. માનવી પોતાના કર્મોથી હીન બને છે. કર્ણના પાત્રને આ દૃષ્ટિએ લેખકે Myth દ્વારા ઉપસાવી નવલકથાના વસ્તુને ઉત્કૃષ્ટ બનાવ્યું છે.

૬.૨ ‘કર્ણલોક’ – ધ્રુવ ભટ્ટ (૨૦૦૫) :

ફેબ્રુઆરી ૨૦૦૫માં ધ્રુવ ભટ્ટ દ્વારા આ નવલકથાનું સર્જન થાય છે. કોઈ પૌરાણિક કથાવાર્તાનું અહીં વર્ણન નથી. પરંતુ નવલકથા શરૂ કરતાં પહેલાં જમીનમાં ખૂંપેલા રથના પૈંડાનું ચિત્ર આપે છે.

આપણા આધુનિક નવલકથાકાર ધ્રુવ ભટ્ટે કર્ણની વાત સીધી કરવાને બદલે આખા ‘કર્ણલોક’ને જ આ નવલકથામાં ઢાળી દીધેલો જણાય છે. નવી જ ટેકનિકમાં આ રીતે Mythનો વિનિયોગ જોવા મળે છે. લેખકે આધુનિક કર્ણલોકને સ્થાપવા ‘બાલાશ્રમ’ જેવી સંસ્થાનો આધાર લીધો છે. અહીં રહેતાં અને અભ્યાસ કરતાં અનાથ બાળકોની નિર્દોષતાને ભાવક સામે પ્રગટ કરી છે, સાથે સાથે આવા આશ્રમોમાં ચાલતો વહીવટ, સ્ટાફ, સંચાલકનું વલણ, દત્તક લેવા આવતા માતા–પિતાના વિચાર વર્તનો અને સૌથી દૂર છતાં બને તેટલું યોગદાન આપતાં નિમુબેન જેવાં પાત્રો ખૂબ જીવંત બની રહ્યા છે.

૨૫૨ પાનાં અને ૨૪ પ્રકરણોમાં વિભાજિત અનેક પાત્રો અને તે વચ્ચેના સંબંધની સાંકળ ઊભી કરી ‘કર્ણલોક’ની કથાવસ્તુનું નિરૂપણ થયેલું જોવા મળે છે. લેખકે પ્રથમપુરુષ એકવચનની પદ્ધતિને કેન્દ્રમાં રાખી લખેલી આ નવલકથાનો નાયક પણ અનોખું વ્યક્તિત્વ ધરાવે છે.

અહીં દુર્ગા, નલિનીબેનનાં પાત્રો અને તેમની કાર્યરીતિ ખૂબ અનોખી જોવા મળે છે. આધુનિક સમાજમાં જ્યારે જ્યારે આવાં સ્ત્રીપાત્રો પોતાનું સ્ત્રીત્વ આ જ રીતે દાખવતાં જશે તો ભારતીય સંસ્કૃતિનાં અમરપાત્રો કુંતી, રાધા, માદ્રી વગેરેને કંઈક અંશે શાતા અને ન્યાય મળશે.

નિમુબેનના વિચારો દ્વારા લેખક કર્ણ, પાંડવો, કુંતી જેવાં પૌરાણિક પાત્રોને લઈને તે સમયમાં પણ સ્ત્રીની ઈચ્છા અને ઈચ્છા વિરુદ્ધ જન્મ લેતાં બાળકો અને તે સમયની સામાજિક પ્રણાલિકાનો ચિતાર ખડો કરી દઈ આધુનિક સમાજના અનાથાલયો ઉપર પ્રહાર કર્યો છે.

પુરાકલ્પનનો જુદા જ દૃષ્ટિકોણથી વિનિયોગ કરવામાં લેખકને કામયાબી મળી છે. ભાવક સામે પૌરાણિક પાત્રો દોડતા રહે એવું અનુભવવા મળે છે.

સમાજમાં પ્રવર્તી રહેલી પૂર્વજો અને પેઢીઓની ખોટી માન્યતાઓ ઘણા યુવક–યુવતીના જીવનવિકાસને રુંધી નાંખતી હોય છે, એ વાત લેખકે નાયકના જીવન દ્વારા સિદ્ધ કરી આપી છે.

વૈશ્વિક ભાવનાના દર્શન કરાવતાં લેખકે અહીં નાયક અને નાયકના પરિચયમાં આવેલા કરમી, પુરુ, સૌમ્યા, રેખા અને મુન્નો જેવાં પાત્રોનો ઉલ્લેખ કરી જગતમાં વસતી દરેક વસ્તુના સગપણનો ખ્યાલ આપ્યો છે.

નાની નાની ઘટનાઓને ખૂબ જ ઝીણવટથી ઉપસાવીને નવલકથાનાં પાત્રો વચ્ચેના સંબંધની સાંકળ ઊભી કરી આપી છે.

અંતે શોધનિબંધમાં ઉપયોગમાં લીધેલ ગ્રંથો, પુસ્તકો, સામયિકો, પત્ર–પત્રિકાની સૂચિ પ્રસ્તુત કરી શોધનિબંધનું કાર્ય પૂર્ણ કરવાનો ઉપક્રમ છે.

અસ્તુ.

સુરત,
તા. –૦૩–૨૦૧૫.

[મનીષા દેસાઈ]
અધ્યેતા

ડૉ. જશુ પટેલ
માર્ગદર્શક